# ઉત્થાન

**પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત**

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

(Accredited By NAAC : 'B' Grade)

**વર્ષ : ૧** | **ઓક્ટોબર - ૨૦૦૭ (માસિક અંક)** ✻ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- ✻ છુટક નકલ રૂા. ૫/- | **સળંગ અંક : ૧**



✻ **તંત્રીશ્રી :**

પ્રિ. ડૉ. વિમલ જોષી

✻ **સહ તંત્રીશ્રી :**

શ્રી સુમનભાઈ એમ. પારેખ (ગ્રંથપાલ)

પ્રા. વિજયભાઈ પટેલ

પ્રા. કે. આર. વણકર

પ્રા. ઉમેશભાઈ એન. પટેલ

પ્રા. એ. વી. પંડ્યા

✻ **વિદ્યાર્થી સંપાદકો :**

હાર્દિક પટેલ

હિમાંશુ પટેલ

ફરહાનબાનુ દિવાન

પ્રતિક્ષા પ્રજાપતિ

હાર્દિક દવે

દિપેશ કાછી

કૃતિકા પટેલ

વિનુભાઈ જોષી

રવિ જોષી

સુરેશ સોલંકી

પરમાર લક્ષ્મીબેન

✻ **પ્રકાશક :**

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

પોસ્ટ બોક્સ નં. : ૨૩

મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.

જિ. આણંદ - ગુજરાત.

ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website : www.petladcollege.com


## તંત્રીશ્રીની કલમે....

ચરોતરના શૈક્ષણિક કેન્દ્ર સમા પેટલાદમાં કોલેજની સ્થાપના થાય અને પેટલાદ તથા આજુબાજુના વિદ્યાર્થી ભાઈ-બહેનોને મહાવિદ્યાલયની કેળવણીનો લાભ મળે તેમજ આ વિસ્તારમાં ઉચ્ચશિક્ષણનો વ્યાપ વધે એવા ઉમદા આશયથી તે કાર્યના બીજરૂપે પહેલ કરી રાજમિત્ર દાતાર શેઠશ્રી રમણલાલ કેશવલાલ પરીખે દાનની સરવાણી વહાવતા તારીખ ઓગણીસમી સપ્ટેમ્બર ઓગણીસો પીસ્તાલીસના રોજ, પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી, અને આ રીતે પેટલાદમાં વિવિધ ઉચ્ચ શિક્ષણની વિદ્યાશાખાઓનો જન્મ થયો. ઈ.સ.૧૯૪૬માં ગુજરાતમાં અમદાવાદ અને વડોદરા વચ્ચે સર્વપ્રથમ કોલેજ માત્ર અને માત્ર પેટલાદમાં સ્થપાઈ હતી. સને ૧૯૫૭-૫૮ સુધી આ કોલેજનું નામ ' પેટલાદ કોલેજ' તરીકે પ્રચલિત હતું. પરંતુ ત્યારબાદ સંસ્થાની આધાર શીલા સમા, સંસ્થાના સ્વપ્ન શિલ્પી સ્વ. રાજમિત્ર દાતાર શેઠશ્રી રમણલાલ કેશવલાલ પરીખનું નામ જોડી શ્રી આર.કે.પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ નામાભિધાન કરવામાં આવ્યું.

ઈ.સ.૧૯૪૬ માં કોલેજના મુખ્યદાતા શેઠશ્રી રમણલાલ કેશવલાલ પરીખ અને અન્ય મહાનુભાવોની જેવા કે રાજમિત્ર મણીલાલ વસનજી દેસાઈ (વડોદરા રાજ્યના ભૂતપૂર્વ નાયબ દિવાન), રાજરત્ન ડૉ. જ્યોતિન્દ્ર માર્કંડ મહેતા (વડોદરા રાજ્યના વિદ્યાધિકારી), શેઠશ્રી નવીનચંદ્ર ચંદુલાલ પરીખ, શ્રી હરીલાલ રામદાસ શાહ, શ્રી ભાઈલાલભાઈ અમીન (એલેમ્બિકવાળા) ના પાયાના આર્થિક યોગદાન અને માર્ગદર્શનના પરિણામે આ સંસ્થા અસ્તિત્વમાં આવી હતી. શરૂઆતમાં શેઠશ્રી રમણલાલે આ ટ્રસ્ટનું પ્રમુખ સ્થાન સ્વીકારવાનો ઈન્કાર કરતાં અન્ય વિદ્વાન ટ્રસ્ટીશ્રીઓ પૈકી પેટલાદના વતની અને તે સમયના વડોદરા રાજ્યના નાયબ દિવાન સ્વ. શ્રી મણીભાઈ વસનજી દેસાઈને પ્રમુખપદ સોંપવામાં આવ્યું. ત્યાર પછી શેઠશ્રી રમણલાલ પરીખ અને તેમના પુત્ર શેઠ શ્રી અમૃતલાલ પરીખે ટ્રસ્ટનું પ્રમુખપદ સંભાળ્યું હતું. હાલમાં શેઠશ્રી વ્રજેશભાઈ પરીખ સાહેબ પ્રવર્તમાન પ્રમુખ તરીકે તેમની અમૂલ્ય સેવાઓ આપી રહ્યા છે.

કોલેજની શરૂઆત માત્ર વિનયન વિદ્યાશાખાથી થઈ હતી. ત્યારબાદ ક્રમશઃ વિજ્ઞાન વિદ્યાશાખાનો ઉમેરો કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ કોલેજનું જોડાણ મુંબઈ યુનિવર્સિટી સાથે હતું. હાલમાં ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન આ કોલેજમાં વિનયન અને વિજ્ઞાન એમ બે વિદ્યાશાખાઓનું શિક્ષણ અપાય છે; જેની વિષયવાર માહિતી આ અંકમાં અન્ય લેખમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.

આજે આ કોલેજમાં સમર્પિત ભાવે શિક્ષણ કાર્યને વરેલા પ્રાધ્યાપકો અને સેવા અર્પિત એવા વહીવટી કર્મચારી મિત્રોની કુલ સંખ્યા 42 છે. 05 અધ્યાપકો પીએચ.ડી. અને 03 અધ્યાપકો એમ.ફિલ. ની પણ પદવી ધરાવે છે.

અનેક મહાનુભાવોના આશીર્વાદથી અને તેમની નાણાંકીય હૂંફથી આજે આ કૉલેજનું કેમ્પસ અનેક ભૌતિક સુવિધાઓથી અને જ્ઞાન સંપદાથી સુસજ્જ છે. વિવિધ સુવિધાયુક્ત મકાન, સમૃદ્ધ અને અદ્યતન ગ્રંથાલય, સેન્ટ્રલ હોલ, કોમ્પ્યુટર સેન્ટર, ખેલકૂદનું વિશાળ મેદાન, આચાર્ય નિવાસ, વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ માટે સુવિધા યુક્ત હોસ્ટેલ, પાણી માટે શીતલ જલધારા, અદ્યતન કાર્યાલય, ચોવીસ કલાક પ્રાઈવેટ સિક્યુરીટી અને ચોતરફ વનરાજીથી શોભતી આ સંસ્થા ખરેખર અમારી વિકાસયાત્રાનું, યશગાથાનું એક અનેરૂ છોગું છે.

આ કોલેજમાં શિક્ષણની સાથો સાથ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિવિધ શિક્ષણેતર પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે.

આજે ખૂબ જ જૂજ કોલેજોમાં અંક પ્રકાશનની પ્રવૃત્તિઓ હાથ ધરાય છે તેવા સમયમાં, ટ્રસ્ટના બુદ્ધિજીવી અને સૌમ્ય વ્યક્તિત્વ ધરાવનાર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી હરેનભાઈ શાહ સાહેબની પ્રેરણા અને આવા અંકના પ્રકાશનની

પ્રવૃત્તિઓને પ્રજ્વલિત કરવા માટે ટ્રસ્ટ દ્વારા આર્થિક સહયોગ મળતાં આ ''ઉત્થાન'' નામના માસિક મેગેઝીન પ્રકાશિત કરવાનું કાર્ય શક્ય બન્યું છે, જે આપણા સૌ માટે અત્યાધિક આનંદ અને ગૌરવની વાત છે. વિદ્યાર્થી જગતને પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે, વિદ્યાર્થીઓમાં વાંચન-મનન-ચિંતનના ગુણ વિકસે, તેમનામાં લેખન કૌશલ્ય વિકસે અને વિદ્યાર્થીઓ આવતી કાલના ગુણવંતા કવિ-લેખક-પત્રકાર બની દેશના વિકાસમાં કંઈક નવ્ય-ભવ્ય યોગદાન આપી, જન સમાજને નવી દિશાગતિ અર્પી શકે એવા ઉમદા મુખ્ય આશયથી, આ અંક પ્રકાશનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. કોલેજની વિવિધ પ્રવૃત્તિઓની ગતિવિધિથી સમગ્ર વિદ્યાર્થી સમુદાયને તેમજ સમાજને વાકેફ કરી શકાય એ આ અંક પ્રકાશનની પ્રવૃત્તિ પાછળનો બીજો આશય છે.

''ઉત્થાન'' નો આ અંક વિદ્યાર્થીઓના સહિયારા પુરુષાર્થનું જ સુફળ છે. આ અંકમાં માત્ર અને માત્ર વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલી રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંકને સુવ્યવસ્થિત રૂપ આપવામાં સહતંત્રી તરીકે આ કોલેજના સ્ટાફ મિત્રો ઉપરાંત જે કોઈ વિદ્યાર્થી સંપાદકોએ ભારે જહેમત ઉઠાવી છે, તે સૌ અભિનંદનને પાત્ર છે. ઉપરાંત કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક અને ગુજરાતી વિભાગના વડા ડૉ. ગોવિંદભાઈ કાછીયાનું નિરંતર તથા અમૂલ્ય માર્ગદર્શન મળતું રહ્યું છે તે બદલ તેમનો હાર્દિક આભાર.

આ અંકના તંત્રી તરીકે કાર્ય કરવાનો જે મહામૂલો અવસર મને સૌંપડયો છે તેને હું મારા જીવનનું પરમ સદભાગ્ય સમજુ છું. જે વિદ્યાર્થીઓ આ અંકના પ્રકાશન કાર્યમાં સહભાગી બન્યા છે તે સૌ અભિનંદના તેમજ યશના સાચા અધિકારી છે. વિદ્યાર્થીલક્ષી આ પ્રવૃત્તિ વધુને વધુ વિકસતી રહે અને એ દ્વારા વિદ્યાર્થીઓને અને સમાજને કંઈક જીવન પાથેય મળતું રહે એવી સદ્ભાવના વ્યકત કરું છું. આ અંક પ્રગટ કરવામાં કોઈ ક્ષતિ કે ત્રુટિ હોય તો આપ એક સ્વજન તરીકે દર ગુજર કરશો એવી અભ્યર્થના... ઉપરાંત ''ઉત્થાન'' ને વધુને વધ લોકભોગ્ય-મૂલ્યવાન બનાવવા માટે સૌ વાચક મિત્રોના સલાહ-સૂચન હંમેશાં અમારા માટે આવકાર્ય હોઈ તથા આપના તરફથી સતત પ્રેરણા-પ્રોત્સાહન મળતા રહેશે એવી અભિલાષા.

વિક્રમ સંવત ૨૦૬૩ની આસો સુદ એકમ શારદીય નવરાત્રિના પ્રથમ શુભ દિવસે ''ઉત્થાન'' નો આ પ્રથમ અંક આપ સમક્ષ મૂકતાં અત્યંત હર્ષ-આનંદની અનુભૂતિ કરું છું.

- પ્રિ. ડૉ. વિમલ જોષી

**સંસ્થાના સમાચાર :**

- માઈક્રો બાયોલોજી વિભાગના પ્રા. વિજયભાઈ એમ. વોરાએ અમેરિકા ખાતે પોતાનું સંશોધન પત્ર રજૂ કર્યું હતું. અને ભૌતિક શાસ્ત્ર વિભાગના ડૉ. સુનિલ એચ. ચાકીએ સિંગાપુર ખાતે યોજાયેલ આંતર રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લઈ પોતાનું સંશોધન પત્ર રજૂ કર્યું હતું.
- તાજેતરમાં અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે ગુજરાત યુનિ. દક્ષિણ વિભાગની આંતર કૉલેજ કુસ્તી ભાઈઓની સ્પર્ધા યોજાઈ હતી. તેમાં કોલેજના સોલંકી રાજુભાઈ પ્રથમ ક્રમે, દરજી ભાવિનકુમારે દ્વિતીય ક્રમે સ્થાન પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ અપાવ્યું હતું.
- કૉલેજ ખાતે અંગ્રેજી વિષયના ભૂતપૂર્વ અધ્યાપકશ્રી પ્રો. અરવિંદભાઈ શાહ સાહેબનું ડૉ. અબ્દુલ કલામના જીવન ચરિત્ર ઉપર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.
- કૉલેજ ખાતે સરદાર પટેલ યુનિ. સંચાલિત સી. સી.પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૮-૭-૨૦૦૭ના રોજ ''નેનો ટેક્નોલોજી સીમ્પલીફાઈડ થ્રુ ઈનોવેટીવ એકટીવીઝ'' વિષય પર પરિસંવાદ યોજાયો હતો, જેમાં કૉલેજ ઉપરાંત તાલુકાની આશેર ૪૦ જેટલી શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રો ઉપસ્થિત રહી તેનો લાભ લીધો હતો.
- આણંદ આર્ટ્સ કૉલેજ ખાતે યોજાયેલ સંસ્કૃત વિભાગ આયોજિત સેમિનારમાં કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ કોલેજનું નામ રોશન કર્યું હતું.
- કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટના ટી.વાય.બી.એસ.સી. ના વિદ્યાર્થીઓ દવાઓનો પ્રોજેકટ રજૂ કર્યો.
- સી.પી.પટેલ અને એફ.એચ. શાહ કૉમર્સ કૉલેજ આણંદ મુકામે વકતૃત્વ સ્પર્ધામાં (૧) સોલંકી સુરેશ બી. (૨) પરમાર લક્ષ્મી જી. ભાગ લઈ પ્રમાણપત્રો મેળવ્યા હતા.

# PROVERBS

1) *An apple a day keeps the doctor away.*
2) *An empty whishel makes much noice.*
3) *A friend in need is a friend indeed.*
4) *A penny saved is a penny gained.*
5) *Charity bgins at home.*
6) *Every clould has silver lining.*
7) *Example is better than precept.*
8) *Familiarity breeds contempt.*
9) *Half a luaf is better than none.*
10) *Malce hay while the sun shines.*
11) *Many hands make light work.*
12) *Necessity is the mother of invention.*
13) *No rose with out a thorn.*
14) *Strike while the iron hot.*
15) *The child is father of man.*
16) *When the cat's away the mice will play.*

- Nayana Gohel (F.Y.B.A.)

## અર્જ ક્યા હૈ

તને ચાહવામાં કશું ખોઈ બેઠાં,
હતા બે આંસુ એને રોઈ બેઠો
સહારો આંસુઓનો પણ હવે ''કૈલાસ''ક્યાં બાકી,
રુદનનાં કારણો દુનિયા ખુલાસાવાર માંગે છે.
આંસુ ઉપરઆ કોના નખની થઈ નિશાની !
ઈચ્છાને હાથપગ છે, એ વાત આજે જાણી.
આંસુઓની ધાર કરતાં પણ સ્થિતિ આ તેજ છે.
આંખમાં વરસાદ નહીં પણ પાંપણો પર ભેજ છે.

- પ્રજાપતિ તેજલ આર. (એફ.વાય.બી.એ.)

'' મરનારની ચિતા પર ચાહનાર કોઈ ચડતુ નથી
કહે છે કે પાછળથી મરીશ પણ પાછળથી કોઈ મરતુ નથી
અરે દેહને બળતો જોઈને આગમાં કોઈ પડતું નથી,
અરે આગમાં તો શું એની રાખને પણ કોઈ અડતું નથી.

ન છુટે જીંદગીનો છેલ્લો શ્વાસ, જીવતા જીવ રાખવો મીઠી આશ, સંબંધ છે જયાં સુધી ઉઘાડી આંખ, મર્યા બાદ કહેશે જલ્દી કાઢો ઘરમાંથી લાશ

## ઉત્થાનનો અર્થ

ઉત્થાન : (સં. -ઉદ્ ઊંચું) + સ્થાન (હોવાપણું) + ન આરંભ, શરૂઆત

ન = આંગણું : ફળિયું

ન = ઉત્પત્તિ : પેદા થવું તે : જન્મ

ન = ઉત્પત્તિસ્થાન : મૂળ.

ન = ઉત્સાહ : જોમ : શક્તિ.

ન = ઉદય : ઊગવું તે : બહાર આવવાપણું

ન = ઉદ્ધાર

ન = ઉદ્યોગ : પુરુષાર્થ : ઉદ્યમ

ન = ઉન્નતિ : ચડતી : અભ્યુદય : સમૃધ્ધિ.

ન = ઊપસી : આવવાપણું. (સં.-ઉદ્ ઊંચું) + સ્થા (ઊભવું)

ન = ઊભું થવું તે : ઊઠવાપણું : જાગૃત્તિ : ઉઠાવ

ન = ઊંચું જવાપણું.

ન = કમાયત : મરણ પછી ખુદા આગળ ઊભા થઈને જવાબ આપવાનો દિવસ.

ન = કારણ.

ન = ચૈત્ય : દેવાલય : મંદિર.

ન = ટેકો : મદદ.

ન = પતન : ચડતી : ખરાબ સ્થિતિ.

ન = રણ : યુધ્ધ : લડાઈ.

ન = રાજ્ય ચલાવવાની ચિંતા.

ન = હદ : મર્યાદા.

ન = હર્ષ : આનંદ.

ન = ઉદીપ્ત : ઉશ્કેરાયેલું

વિ = રાજ્ય ચલાવવાની ચિંતા.

વિ = હલકું

(સંદર્ભ માહિતી ભગવદ્ ગોમંડલમાંથી લીધેલી છે. ભાગ-૨ પાન નં. ૧૪૦૯)

- લક્ષ્મી જી. પરમાર, ટી.વાય.બી.એ.

## ઈશ્વરની સાચી પૂજા

માંદાની ખબર લેવા જવું તે
ભગવાનના દર્શન કરવા બરાબર
ભુખ્યાને ભોજન આપવું તે
ભગવાનને થાળ ધરાવવા બરાબર
દુઃખિયાનું દુઃખ ઓછું કરવું તે
ભગવાનની આરતી ઉતારવા બરાબર

- રોહિત એમ. તળપદા, એફ.વાય.બી.એ.

## યાદ તમારી

આવે છે અશ્રુ આંખમાં અમારી
યાદ કરી સુખદ સ્મૃતિઓ તમારી
દૃશ્ય તાદૃશ થાય છે, આંખ સામે અમારી
જ્યારે પળેપળ હતા તમે સાથે અમારી
અમારે ગુરુશિષ્યની સગાઈ સાથે તમારી
અમારે શીખવું તું ઘણું પાસેથી તમારી
ન મળી એ ક્ષણ ને પળ પાસેથી તમારી
અમે ચાલી ન શક્યા સાથે તમારી
તે પણ સાથે છે ઉત્સાહ ને પ્રેરણા તમારી
સ્મૃતિમાં પટમાં પ્રેરકબળ લઈને
ચાલીશું જાતે અમારી
જ્યારે છબી આવે છે નયન સામે અમારી
માત્ર તમારા દિલમાં સ્મિતભરી તસ્વીર તમારી

- રોહિત એમ. તળપદા, એફ.વાય.બી.એ.

## યાદની ફરિયાદ

તમારી યાદની ફરીયાદ હું કોને કહું,
અમરપ્રેમની બુનિયાદ હું કોને કહું.
ભુલી નથી શકતી મિલનનાં સ્મરણોને
હતાશા દિલનો સૂનો સાદ હું કોને કહું.
વસંતના વાયરે હિલોળાં લેતા હૈયામાં,
વણ થંભી ઉમટે છે યાદ હું કોને કહું.
અષાઢી મેઘ વરસ્યો મન મૂકીને.
કોરા છે જીવતરના ઘાટ હું કોને કહું.
સૂનાં સરોવરનાં કાંઠે બેસીને અમે
માગ્યોતો ભવભવનો સાથ હું કોને કહું

- પ્રજાપતિ તેજલ આર., એફ.વાય.બી.એ.

## આવો જાણીએ પેટલાદને...

* તાલુકાનાં કુલ ગામ : ૫૭
* તાલુકાની વસ્તી : ૨,૧૪,૧૦૮
* તાલુકાની નગરપાલિકા : ૧ નગર પાલિકા.
* પેટલાદ શહેરની વસ્તી : ૫૧,૧૫૩
* તાલુકાનું ભૌગોલિક સ્થાન : ૨૨.૨૧ થી ૨૨.૪૦ ઉ. રેખાંશ અને ૭૨.૪૦ થી ૭૨.૫૬ પશ્ચિમ રેખાંશ.
* તાલુકાનો કુલ વિસ્તાર : ૩૦૧.૩૧ ચો. કી.મી.
* તાલુકાનો સરેરાશ વરસાદ :
  - ૨૦૦૦ - ૨૪૯ - મી.મી.
  - ૨૦૦૧ - ૪૬૬ - મી.મી.
  - ૨૦૦૨ - ૪૩૬ - મી.મી.
  - ૨૦૦૩ - ૧૧૭૨ - મી.મી.
  - ૨૦૦૪ - ૮૧૪ - મી.મી.
  - ૨૦૦૫ - ૯૨૨ - મી.મી.
* તાલુકાના મુખ્ય પાકો : બાજરી, ડાંગર, ઘઉં, તમાકું, કેળ, શાકભાજી તથા અન્ય.
* તાલુકાનું ક્ષેત્રફળ : ૩૦,૧૭૧ હેક્ટર
* તાલુકાનો ખેડાણ હેઠળનો વિસ્તાર : ૩૫૯૨ હેક્ટર
* તાલુકાનો બીન ખેતી હેઠળનો વિસ્તાર : ૩૫૯૨ હેક્ટર.
* તાલુકામાં આવેલ ઔદ્યોગિક એકમો :
  - જી.આઈ.ડી.સી. પેટલાદ.
  - પી.બી.એમ. પોલિટેક્ષ
  - પ્રજેશ ટેક્ષટાઈલ મીલ
  - શ્યામપ્રકાશ મીલ
  - ચરોતર ખાંડ ઉદ્યોગ
  - એટલાસ નિકોટીન લિ. ધર્મજ.
* તાલુકામાં આવેલ ધાર્મિક સ્થળો :
  - રણછોડજી મંદિર, પેટલાદ.
  - ગણેશ મંદિર, રંગાઈપુરા
  - જલારામ મંદિર, ધર્મજ.
  - સચ્ચિદાનંદ આશ્રમ, દંતાલી.
  - અગાસ આશ્રમ, અગાસ
  - મહાતમ રામજી આશ્રમ, સીમરડા.
  - ખોડિયાર માતાની વાવ, પેટલાદ.
  - આશાપુરી માતાનું મંદિર, પીપળાવ

* શિક્ષણ સંસ્થાઓ :
    * પ્રાથમિક શાળાઓ : ૧૯૫
    * હાઈસ્કૂલો : ૪૦
    * હાયર સેકન્ડરી : ૧૩
    * આંગણવાડી : ૨૭૪
    * મહિલા સ્ત્રી અધ્યાપન મંદિર, સુણાવ.
    * નારાયણ સંસ્કૃત પાઠશાળા
    * રાજકીય સંસ્કૃત પાઠશાળા
    * મોટી સત્તાવીસ ચરોતર સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યુટ, ચાંગા.
    * કોલેજો :
    * શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
    * ઈપ્કોવાલા કોમર્સ કોલેજ, પેટલાદ.
    * એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા, બી.એડ્ કોલેજ, પેટલાદ.
* વીજળીકરણ થયેલ ગામ : ૫૭
* આર્થિક સેવાઓ :
* રાષ્ટ્રીયકૃત બેંકોવાળા ગામ : ૧૬
* સહકારી બેંકો : ૬
* દૂધમંડળી ધરાવતા ગામ : ૫૭
* તબીબી સેવાઓ :
    * સિવિલ હોસ્પિટલ : ૧
    * પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર : ૭
    * જિલ્લા પંચાયતના દવાખાના : ૨
* પુસ્તકાલયો :
    * ચંદુલાલ કેશવલાલ સાર્વજનિક પુસ્તકાલય-પેટલાદ.
    * તારાલક્ષ્મી પુસ્તકાલય.
* થિયેટરો : ૪
* પેટલાદમાંથી પ્રગટ થતા સાપ્તાહિક : આગેકદમ, મહાગુજરાત ટાઈમ્સ, પેટલાદ ટાઈમ્સ, પ્રતિભાવ

-જોશી રવિ.જે. (ટી.વાય.બી.એ.)

## સુવાક્ય

" નિત્ય સૂર્ય ઉગ્યાથી પ્રથમ જાગવું, જાગ્રત થઈ પ્રથમ પ્રભુ સ્મરણ કરવું "

" માતા-પિતા, ગુરૂ તથા રોગાતુર જીવન પ્રયત્ન સેવા કરવી. "

" ગુરૂનું અપમાન ન કરવું, વિચાર્યા વિનાનું કાર્ય ન કરવું. "

## ભવિષ્યનું ભારત ડૉ. અબ્દુલકલામની દ્રષ્ટિએ.

ડૉ. અબ્દુલ કલામ એક એવા રાષ્ટ્રપતિ હતા કે જે નિષ્પક્ષ હતા. જેમનો સંપર્ક કોઈ રાજકીય પક્ષ સાથે ન હતો. તેમની વિદાય સાથે જ ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ શ્રીમતિ પ્રતીભા પાટીલ ચૂંટાયા હતા. આ એક યાદગાર ઘટના હતી.

રાષ્ટ્રપતિ પાસે મર્યાદિત સત્તાઓ હોય છે, એમની સામે (ડૉ. અબ્દુલકલામ) અફઝલનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે તેમણે નિર્ણય લેવામાં વિલંબ કર્યો હતો એવો આક્ષેપ અન્ય વ્યક્તિઓ અને રાજકીય વ્યક્તિઓએ પણ કર્યો હતો. આનો પ્રત્યુત્તર તેમણે વિદાય સમયની પ્રેસ કોન્ફરન્સમાં આપતાં જણાવ્યું હતું કે મારી પાસે અફઝલનો કેસ કેન્દ્રના ગૃહ વિભાગમાંથી મારા વિદાય સમય સુધી આવ્યો ન હતો.

પછી તેમને બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે આતંકવાદીઓ કોણ છે ? ત્યારે તેમણે જવાબ આપતાં કહ્યું કે આપણામાંથી જ આતંકવાદીઓ છુપાયેલા છે.

એક સમયે એક બાળકે તેમને પ્રશ્ન કર્યો હતો કે પ્રથમ વૈજ્ઞાનિક કોણ ? તેમણે જવાબ આપ્યો કે બાળક જ આ જગતનું પ્રથમ વૈજ્ઞાનિક છે. અને કહ્યું કે જિજ્ઞાસા એ વિચારોની જનની છે. તેઓ રાષ્ટ્રપતિભવન ને લોકભવન બનાવનાર પ્રથમ રાષ્ટ્રપતિ હતા.

યુ.એન.ઓ.( U.N.O.) માં નહેરુએ જણાવ્યુ કે જગતની મહાસત્તાઓએ શસ્ત્રોમાં શૂન્ય શસ્ત્રીકરણ સ્તરે લાવી દેવો જોઈએ. એમણે જણાવ્યુ કે નિર્બળ દેશો તે બધા પછાત હોય છે, અને ભારત પણ એવો જ લાચાર હતો જે સ્વતંત્રતા સમયે પછાત હતો. તબીબી ઉત્પાદનક્ષેત્રમાં પણ પછાત હતો.

ડૉ. કલામ, વિક્રમ સારાભાઈ, હોમીભાભાના નેજા હેઠળ દેશને સક્ષમ બનાવવાનો પ્રયાસ કર્યો. સલામતી વગર આર્થિક સમૃદ્ધિ નષ્ટ થઈ જશે. સમૃદ્ધિ જોઈતી હોય તો સલામતી જોઈએ. અને સમર્થ બનાવવાના પગલાં શરૂ કર્યા. ( U.N.O.) માં સલામતી સંસ્થામાં માત્ર પાંચ રાષ્ટ્રો છે, ચીનને તેમાં પ્રવેશ આપ્યો, પણ ભારતને તેમાં સ્થાન મળ્યું નહીં, તેઓ મેક્સમુલરની વાત કરતાં જણાવે છે કે ભારતને ભગવાને અઢળક સંપતિ આપી છે. પણ તેઓ તેનો ઉપયોગ કરતા નથી. તેમણે ભારતના ઈતિહાસની વાત કરી. પ્રાચીન વિદ્યાપીઠો, યુનિવર્સિટીઓ, વિદેશી મુસાફરોની વાત કરી. તેમણે કહ્યું કે " પ્રગતિ માટે ૩ ત્રણ મુદ્દાની વાત જરૂરી છે." ૧. ખેતી, ૨. વીજળી, ૩. શિક્ષણ ઊંચું ત્યાં ગરીબી ઓછી, તેમણે વધુમાં જણાવ્યું કે આપણી પાસે પ્રાચીન જ્ઞાન છે તેના ઉપર આપણો અધિકાર છે. ભારત હવે સુપર પાવર બનવાની તૈયારીમાં છે. J. I. T. અને I. I. M. જેવી શૈક્ષણિક સંસ્થાઓને રાજ્યોમાં સેન્ટ્રલ યુનિર્વર્સિટી બનાવવી જોઈએ. કારણ કે નાનાં શહેરોનાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ પણ આનો લાભ લઈ શકે. શિક્ષણ સમાજ સાથે સુસંગત બનાવવો જોઈએ.

-પટેલ ઉર્વિશ જે. (ટી.વાય.બી.એ.)

## આવેગાત્મક સ્થિરતા અંગે અભ્યાસ

પેટલાદ કોલેજના એફ.વાય. બી.એ. ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓના આવેગાત્મક સ્થિરતા વ્યક્તિત્વ લક્ષણમાં તફાવત છે કે કેમ તે જણાવેલ છે. આ માટે ૫૦ વિદ્યાર્થીઓ અને ૫૦ વિદ્યાર્થીનીઓની પદેચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા પસંદગી કરી પ્રમાણિત આવેગાત્મક સ્થિરતા કસોટી સમૂહમાં આપી તેના દ્વારા મળેલી માહિતી પરથી એનાલીસીસ ઓફ વેરાયન્સ અને ટી મેટીક્સ મેળવવામાં આવ્યા. શિક્ષણ સ્વતંત્ર પરિવર્તનને લીધે આવેગાત્મક સ્થિરતા વ્યક્તિત્વ લક્ષણમાં તફાવત જોવા મળ્યો. એટલે માહિતી એ પ્રાપ્ત થઈ કે છોકરીઓ પ્રમાણ વધુ જોવા મળે છે. જે શિક્ષણએ જાતિને લીધે પ્રાપ્ત થાય છે.

-એસ.વાય.બી.એ. (મનોવિજ્ઞાનના વિદ્યાર્થીઓ)

## કેઈન્સ, જહોન મેનાર્ડ

જન્મ : ૫ જુન, ૧૮૮૩, કેમ્બ્રિજ, ઇંગ્લેન્ડ મધ્યમ સ્તરના કુટુંબમાં.

અવસાન : ૨૧ એપ્રિલ, ૧૯૪૬, ફર્લી સસેક્સ ઇંગ્લેંડ.

પિતા : જહોન નેવિલ કેઈન્સ તર્કશાસ્ત્રી, અર્થશાસ્ત્રી.

માતા : કેમ્બ્રિજ યુનિ. સ્નાતક, સમાજ કલ્યાણ પ્રવૃત્તિનાં અગ્રેસર, કેમ્બ્રિજનાં મેયર અને જાણિતા લેખિકા.

કેઈન્સ : ગણિત, અંગ્રેજી, શિષ્ટ સાહિત્ય, જેવા વિષયોમાં પારિતોષિક મેળવ્યાં હતાં.

૧૯૦૨ : માં કિંગ્ઝ કોલેજમાં કેમ્બ્રિજ દાખલ થયા.

૧૯૦૫ : માં ગણિત, તત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર વિષયો સાથે પ્રથમ વર્ગમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી.

૧૯૦૬-૦૮ : આલ્ફ્રેડ માર્શલ અને એ.સી.પી.ગુ. પાસેથી જ્ઞાન મેળવવાની તક મળી.

૧૯૦૮-૧૫ : ભારતમાં ઈન્ડીયા ઓફિસ અને બ્રિટીસ ટ્રેઝરીમાં સેવાઓ આપી.

૧૯૧૧-૪૪ : માતૃસંસ્થા કિંગ્સ કોલેજમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા, ઇકોનોમિક્સ જર્નલના તંત્રી તરીકે જવાબદારી અદા કરી.

૧૯૧૨ : રોયલ કમિશન ઓન ઈન્ડિયન કરન્સી એન્ડફાઈનાન્સના સેક્રેટરી નિમાયા.

૧૯૩૦ : મેકમિલન કમિટી ઓન ફાઈનાન્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સભ્ય થયા.

૧૯૩૬ : ધી જનરલ થીયરી ઓફ એમ્પ્લોયમેન્ટ ઈન્ટરેસ્ટ એન્ડ મની નામના ગ્રંથની રચના કરી. આવાક-રોજગારી ઉત્પાદનના સિધ્ધાંતો.

૧૯૨૯ : મહામંદી જેવી પરિસ્થિતિમાં અર્થતંત્રને બેઠું કરવા જાહેર બાંધકામ ક્ષેત્રનું મહત્વ વ્યાજનો દર નાણાંકીય બાબત છે, તેવું પ્રતિપાદન કરી બૃહદ અર્થશાસ્ત્ર કુલ વપરાશ, કુલ બચત, કુલ રોજગારી, વગેરે પરિબળોની શરૂઆત કરી.

૧૯૪૨ : ઈંગ્લેન્ડના સમ્રાટે " બેરન કેઈન્સઓફ ટિલ્ટન" એવોર્ડ આપ્યો ત્યારથી લોર્ડ કેઈન્સ કહેવાયા. કેઈન્સની વિચાર સરણીના મુખ્ય ત્રણ પાસાંઓ, રોજગારીનો સિધ્ધાંત, વ્યાજ નો સિધ્ધાંત, વેતનનો સિધ્ધાંત.

૧૯૪૪ : બ્રેટન વુડઝ ખાતે આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ મંડળ વતી " કેઈન્સ યોજના" રજુ કરી.

-ટી.વાય.બી.એ.

(અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ)

## કોઈ ઈચ્છા નથી

આ દર્દ ભરી જિંદગીની,
દવા કરી શકતો નથી.
જીવવાની કોઈ ઈચ્છા નથી.
છતાં હું મરી શકતો નથી.
ચાલું છું સત્યની રાહે,
તોય દુઃખી અસત્યની રાહે
વળી શકતો નથી.
પરિશ્રમ કરું છું સખત જિંદગીમાં
ભાગ્યને બદલી શકતો નથી.
વિધાતાએ આપી છે ઈચ્છા મને એવી,
જીવન સુધી એ હું પુરી કરી શકતો નથી.

- સોલંકી સુરેશ (એમ.એ.)

*માણસ પૈસા બચાવે તે જરૂરી છે પરંતુ એ પૈસાથી માણસ માણસને બચાવે તે વિશેષ જરૂરી છે.*

*હૃદયની કોઈ જ ભાષા હોતી નથી. હૃદય હૃદયથી જ વાતચીત કરે છે.*

## ભારત ગુલામ કેવી રીતે બન્યું ?

ભારતદેશને પરાધીનતા તરફ ધકેલવા માટે અનેક કારણો જવાબદાર છે. પરંતુ તેમાંનું એક અગત્યનું કારણ નીચે મુજબ છે. આ કારણ છે આપણે એક વ્યક્તિના વિચારના અને તેના ખરાબ મગજની બાયપ્રોડક્ટ છે આ વ્યક્તિ આપણને જેવા બનાવવા માગતો હતો, તેવા આજે આપણે બની ગયા છીએ. આ વ્યક્તિનું નામ છે, ટોમસ મેકોલે. આ એ જ વ્યક્તિનું નામ છે કે જેને અંગ્રેજોએ ભારતની શિક્ષણ પધ્ધતિ ઘડવાનું કામ સોંપ્યું હતું. આ વ્યક્તિ શિક્ષણ પધ્ધતિ ઘડતાં પહેલાં પુરાં ભારત દેશનું પરિભ્રમણ કરી વળ્યો અને તેણે કાઢેલાં તારણો નીચે મુજબ છે, જે તેમણે બ્રિટિશ પાર્લામેન્ટમાં ઈ.સ. ૧૮૫૩ માં રજૂ કર્યા.

" મેં ભારતનો પૂરેપૂરો પ્રવાસ કર્યો અને એવી એક પણ વ્યક્તિ ન જોઈ કે જે ભીખારી યા ચોર હોય, મેં આ દેશમાં એટલી બધી સંપત્તિ, ઊંચા મૂલ્યો અને ઉચ્ચ બુધ્ધિ ધરાવતા લોકો જોયા છે કે જ્યાં સુધી આ દેશના મૂળને જડથી ઉખાડીએ નહિ. ત્યાં સુધી કદી તેને જીતી શકીશું નહીં. આ દેશનું મૂળ એટલે તેનો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો અને તેથી હું ઇચ્છું છું કે આપણે તેના જુના અને પ્રાચીન શિક્ષણતંત્રને, તેની સંસ્કૃતિને બદલાવીએ, જેથી ભારતીયો એવું માનતા થાય કે વિદેશી મહાન છે, તો જ તેઓ સ્વાભિમાન અને સ્વસંસ્કૃતિ ગુમાવશે અને આપણે તેઓને જેવા ઈચ્છીએ છીએ તેવા તેઓ બનશે, ખરેખરો પરાધીન દેશ." **- ટોમ્સ મેકોલે.**

હવે કેટલાંક એવા બનાવો કે જે ભારતની કમનશીબી સૂચવે છે, અને દેશની આજે દેખાતી દુર્દશાના કારણો છે, તે આ પ્રસંગો અને તેની સાથે થયેલા ફેરફારો નીચે મુજબ છે. અને તે જણાવ્યા પછી પણ કદાચ એવા શબ્દો સરી પડે કે જો આવું ન બન્યું હોતતો આજે આપણો દેશ કેવો હોત, પરંતું જવા દો એ વાત કારણકે આખરે ઈતિહાસ હકીકત રજૂ કરે છે. અને તેને બદલી શકાતો નથી. તો વાંચો સીલસીલાબંધ પ્રસંગોની વણઝાર કે જે નહોતી બનવી જોઈતી અને છતાં તે બની અને દેશે ગુલામી જેવું કાળરાત્રિ જેવું સ્વપ્ન જોયું.

(ક્રમશઃ આવતા અંકે....)

- હાર્દિક બી. પટેલ (ટી.વાય.બી.એસ.સી.)

# ગુજરાતના જિલ્લાની વસ્તી ગીચતાનું પ્રમાણ વસ્તી ગણતરી વર્ષ - ૨૦૦૧

ગુજરાતના જિલ્લાઓમાં વસ્તી ગીચતાનો પ્રશ્ન ઉત્તરો ઉત્તર તીવ્ર અને ઝડપી બન્યો છે. જે વસ્તી ગણતરીના આંકડા તપાસ કરતાં જણાય છે. ગુજરાતમાં વસ્તી ગીચતાને કારણે મકાનોની તંગી, ગંદા વસવાટો, પ્રદૂષણ, ટ્રાફિક અને અકસ્માતના પ્રશ્નો, ગુનાખોરી, પીવાના પાણીની તંગી, શિક્ષિત બેકારી, રોગીષ્ટ વાતાવરણ અને અનેક પ્રકારની સમસ્યાઓ ઉદ્ભવી છે. ગુજરાતમાં વસ્તીની ગીચતા ઘટાડવા માટે સરકાર અને ખાનગી સંસ્થાઓ તરફથી અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, પરંતુ તે હજુ પૂરતા સફળ નીવડ્યા નથી. જે આપણને નીચે દર્શાવેલ દરેક જિલ્લાની વસ્તીની આંકડાકીય માહિતીથી જાણ થઈ શકે છે.

**ગુજરાતમાં ઓછી ગીચતા ધરાવતા જિલ્લા**

| જિલ્લાનું નામ | ૧૯૯૧ની વસ્તી | ૨૦૦૧ વસ્તી |
|---|---|---|
| કચ્છ | ૨૮ | ૩૩ |
| ભાવનગર | ૨૦૭ | ૨૪૭ |
| પોરબંદર | ૨૦૪ | ૨૩૪ |
| બનાસકાંઠા | ૧૮૪ | ૨૩૩ |
| ભરૂચ | ૧૭૬ | ૨૧૦ |
| પાટણ | ૧૮૧ | ૨૦૬ |
| અમરેલી | ૧૭૭ | ૧૮૮ |
| નર્મદા | ૧૬૩ | ૧૮૭ |
| સુરેન્દ્રનગર | ૧૧૫ | ૧૪૪ |
| જામનગર | ૧૧૧ | ૧૩૫ |

**ગુજરાતમાં વધુ ગીચતા ધરાવતા જિલ્લા**

| જિલ્લાનું નામ | ૧૯૯૧ની વસ્તી | ૨૦૦૧ વસ્તી |
|---|---|---|
| અમદાવાદ | ૫૬૭ | ૭૧૮ |
| આણંદ | ૪૪૪ | ૬૫૩ |
| ગાંધીનગર | ૪૯૮ | ૬૧૭ |
| નવસારી | ૪૯૧ | ૫૫૬ |
| વડોદરા | ૪૦૨ | ૪૮૨ |
| ખેડા | ૪૨૪ | ૪૮૦ |
| વલસાડ | ૩૫૯ | ૪૪૯ |
| દાહોદ | ૩૪૯ | ૪૪૯ |
| મહેસાણા | ૩૭૪ | ૪૧૯ |
| રાજકોટ | ૨૨૪ | ૨૮૨ |

ગુજરાતમાં સૌથી વધુ વસ્તીની ગીચતા ધરાવતો અમદાવાદ જિલ્લો છે. અમદાવાદમાં ૧૯૯૧માં જિલ્લાની વસ્તી ગીચતા ૫૬૭ હતી. જ્યારે ૨૦૦૧માં વસ્તીની ગીચતા ૭૧૮ થઈ. અમદાવાદ જિલ્લામાં ૧૯૯૧ થી ૨૦૦૧ દરમ્યાન વસ્તી ગીચતામાં ૧૫૧ નો વધારો થયો.

ગુજરાતના આણંદ જિલ્લામાં ૧૯૯૧માં વસ્તી ગીચતાનું પ્રમાણ ૫૫૯ હતું. જ્યારે ૨૦૦૧માં આણંદ જિલ્લામાં વસ્તી ગીચતાનું પ્રમાણ ૬૧૩ થયું. આણંદ જીલ્લામાં ૧૯૯૧ થી ૨૦૦૧ દરમ્યાન વસ્તી ગીચતાનું પ્રમાણમાં ૭૨ નો વધારો થયો હતો. ગુજરાતનું પાટનગર એવા ગાંધીનગર જિલ્લામાં વસ્તી ગીચતાનું પ્રમાણ ૧૯૯૧માં ૪૯૮ હતું, જ્યારે ૨૦૦૧ના વર્ષમાં વધીને ૬૧૭ થયું હતું. ૧૯૯૧માં વસ્તી ગીચતાનું પ્રમાણ ૪૪૪ હતું, જ્યારે ૨૦૦૧ના વર્ષે વસ્તીની ગીચતા વધીને ૬૫૩ થઈ. ૧૯૯૧ થી ૨૦૦૧ ના વર્ષ દરમ્યાન વસ્તી ગીચતામાં ૨૦૯નો વધારો થયો.

ગુજરાતના કચ્છ જીલ્લામાં વસ્તીની ગીચતાનું પ્રમાણ ૧૯૯૧માં ૨૮ હતું જ્યારે ૨૦૦૧માં વસ્તીની ગીચતા વધીને ૩૩ થઈ. આમ જોતાં જણાશે કે કચ્છ જીલ્લામાં સૌથી ઓછી વસ્તી ગીચતા ધરાવતો જીલ્લો છે.

આમ જોતાં ગુજરાત જિલ્લાની વસ્તી ગીચતાના આંકડા પરથી જણાઈ આવે છે કે, ભલે વસ્તી ગીચતામાં અમદાવાદ મોખરાનું સ્થાન ધરાવે, પણ તેનાથી બીજા ક્રમે સુરત જીલ્લો આવે છે. સુરત જિલ્લામાં વસ્તી ગીચતાના પ્રમાણમાં ઝડપી વધારો થઈ રહ્યો છે.

**- પટેલ નીતિન અને બારૈયા નગીન (ટી.વાય.બી.એ)**

## Bharat Ratna Sir M. Visveswarya

Sir Mokshagundum Visveshwarya was born in a village of my sore state on 15[th] September 1981. at an early age of seven his father passed away, but his mother educated him with great patience, courage and dedication. Sir Visveswarya had great affection for books and he took deep interest in the studies. His teachers were very much impressed by his academic excellence. He had a great desire to become an engineer. He joined the pune engineering college and secured first position from Bombay University. He started his career as an Assistant engineer in Bombay state but was soon promoted to the post of superintending engineer. After a dedicated service of twenty-four years in Bombay state, he went abroad to acquire more experience. After coming back to India, he was appointed as a Chief engineer by the Nizam of Hydrabad. He took up project on dam construction for flood control. This helped in water use for irrigation which changed the socioeconomic scenario of the Hydrabad state. Later the prince of mysore state invited sir Visveswarya and appointed him as the Chief engineer. He carried out investigations for the water resources projects in the state under his guidance and direction many water resources projects were completed including the Krishnraj Sagar dam and the beautiful Vrundawan Garden. Later he became the Diwan of mysore state. For the development of the state, he took deep interest in the educational, agricultural and industrial Sectors. He dedicated his life for the country. He was conterred Bharat Ratna by the Government of India. Our country celebrates engineer's day on 15[th] September every year. Sir Visveshwarya lived for more than 100 years and breathed his last on 14th April 1962.

**-ટી.વાય.બી.એસ.સી. (અંગ્રેજી વિષયનો વિદ્યાર્થીઓ)**

# LIFE

*This Life is your take the power, To chouse what you want to do and do it well.*

*Take the power to love what you want in life, and love it hoestly.*

*Take the power to walk in the parest and be part of the nature.*

*Take the power to control you own life, no one else can to it for you.*

*Take the power to make your life happy.*

- Patel Jalpa (S.Y.B..A)

# ABOUT MONEY

*Money can buy books,*
*but no knowledge.*
*Money can buy bed,*
*but not sleep.*
*Money can buy food,*
*but not appetite.*
*Money can buy medicine,*
*but not health.*
*Money can buy amusement,*
*but not happiness.*
*Money can buy fashion,*
*but not beauty.*
*Money can buy machiene,*
*but not salvation.*

- Patel Jalpa (S.Y.B..A)

# FOR FRIENDS

*1 + 1 is Two*
*My Dosti is true.*
*2 + 2 is Four*
*My Dosti in More.*
*3 + 3 is Six*
*My Dosit is Fix*
*4 + 4 is Eight*
*My Dosti is Great*
*Friendship 4 Ever*

- *Parekh Janki K. (F.Y.B.A.)*

# સંસ્થાના વિવિધ અભ્યાસક્રમ અને પ્રવૃત્તિઓ...

પી.એન.એસ.બી. કોમ્પ્યુટર સેન્ટર

| COURSE | FEE (Rs.) |
|---|---|
| Computer Basic-Ms Office | 1000/- |
| DTP (Data Entry) | 2500/- |
| Internet Fundamental | 300/- |
| PC Assembly & H/w | 1000/- |
| FAS (Tally Latest) | 1500/- |
| C language & Advanced C Prog. | 1200/- |
| C + + Programming | 1200/- |
| Foxpro 2.5 | 1000/- |
| Visual Basic 6.0 | 1200/- |
| Oracle 8.0 | 1500/- |
| Micromedia Flash | 2500/- |
| HTML/DHTML | 800/- |
| ASP (Active Server Pages) | 2500/- |
| Autocad | 4000/- |

## પ્લેસમેન્ટ કોર્સીસ

- ❊ બ્યુટી પાર્લર
- ❊ મોબાઈલ રીપેરીંગ
- ❊ ઇંગ્લીશ ઇમ્પ્રુમેવન્ટ
- ❊ આર્મી ટ્રેનીંગ
- ❊ ઈન્ડસ્ટ્રીયલ ટૂર ફોર સ્ટુડન્ટસ

- ✈ મોટા ભાગના માણસોના નામ જીવનમાં બે જ વાર છપાય છે. એક બાપને પૈસે કંકોતરીમાં અને વગર પૈસે ઉઠમણા (મૃત્યુનોંધ) ની નોંધમાં.
- ✈ કુશળ વેપારીનું સુવર્ણ વાક્ય, પૈસા લખીને પછી આપો, પૈસા પહેલા લઈને પછી લખો.
- ✈ આજનું દુઃખ એ ગઈકાલના પાપની જાહેરાત છે. તો આજનું પાપ એ આવતી કાલનાં દુઃખનું રીઝર્વેશન છે.
- ✈ ગરીબને ધનવાન પાસે શું શું છે. એજ દેખાય છે. જયારે ધનવાનને પોતાની પાસે શું શું નથી તે દેખાય છે. બન્ને દુઃખી છે.
- ✈ કુદરતનો આ સનાતન નિયમ આપણે કાયમ યાદ રાખીએ કે કોઈનેય રડાવનારો જીવનમાં કદી હસી શકતો નથી. કોઈનેય દુઃખી કરનારો જીવનમાં કદી સુખી થઈ શકતો નથી અને કોઈનેય મારનારો શાંતિભર્યું જીવન જીવન શકતો નથી.

# COSMETICS

**Skin Creams & it contains :-**

**1) Soft Cream for skin and its contains are :**

| Sr.No. | Contains | Percent (%)-I | Percent (%)-II |
|---|---|---|---|
| 1 | Beeswax | 8.0 | 10.0 |
| 2 | Mineral Oil | 50.0 | 40.0 |
| 3 | Microcystalline wax | 5.0 | 0 |
| 4 | Borax | 0.4 | 0.5 |
| 5 | Paraffin | 0 | 12.0 |
| 6 | Ozokerite | 0 | 10.0 |
| 7 | Water to make | 100.0 | 100.0 |
| 8 | Perfume & Preservatives | 9.5 | 9.5 |

**Note :-** These can be stiffened either by increasing the Quantity of beeswax or by incorporating out her waxes. see formull II.

**2) To get Flexibility and Stability in skin its contains are :-**

| Sr.No. | Contains | Percent (%)-I | Percent (%)-II |
|---|---|---|---|
| 1 | Beeswax | 10.00 | 8.010.0 |
| 2 | Mineral Oil | 48.0 | 20.0 |
| 3 | Lanolin | 4.0 | 3.0 |
| 4 | Borax | 0.7 | 0.5 |
| 5 | Hydrogented Vegetable oil | 0 | 27.0 |
| 6 | Anti-oxidant | 0 | 0.5 |
| 7 | Sorbitan Sesquioleate | 1.0 | 0 |
| 8 | Sorbitan Stearate | 0 | 5.00 |
| 9 | Polysorbate 60 | 0 | 2.0 |
| 10 | Water to make | 100.00100.00 | |
| 11 | Perfume | 9.5 | 9.5 |

**3) To make dry SKain's cream and its Contains are :- Use remove the dryness into the skin.**

| Sr. No. | Contains (%)-I | Per ce (%)-I | Per ce (%)-II | Per ce (%)-III | Per cent (%)-IV |
|---|---|---|---|---|---|
| 1 | Mineral Oil | 63.0 | 64.0 | 65.0 | 64.0 |
| 2 | Paraffin | 20.0 | 17.0 | 17.0 | 0 |
| 3 | Petroloatum | 17.0 | 18.0 | 15.0 | 11.0 |
| 4 | Ozokerite | 0 | 0 | 10.0 | 10.0 |
| 5 | lanolin | 0 | 0 | 0 | 15.0 |
| 6 | Cetylalcohol | 0 | 0 | 0 | 0 |

આજનો પુરુષાર્થ આવતી કાલનું ભાગ્ય છે.

## સ્નાતક કક્ષાના કોર્સ : વિજ્ઞાન વિદ્યા શાખા :

DEGREE COURSES
SCIENCE FACULTY

**એફ.વાય.બી.એસસી.**

**ગુજરાતી માધ્યમ (એ ગ્રુપ)**

ભૌતિક શાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અંગ્રેજી.

**(બી ગ્રુપ)**

ભૌતિક શાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અંગ્રેજી.

વધારાનો વિષય : કોમ્પ્યુટર વિજ્ઞાન

**નોંધ :** એફ.વાય.બી.એસસી. ના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક (ફ્રી) કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે.

**એસ.વાય.બી.એસસી.**

| પ્રથમ મુખ્ય વિષય | બીજો મુખ્ય વિષય |
|---|---|
| ભૌતિકશાસ્ત્ર | ગણિતશાસ્ત્ર |
| રસાયણશાસ્ત્ર | ભૌતિકશાસ્ત્ર |
| રસાયણશાસ્ત્ર | વનસ્પતિશાસ્ત્ર |
| માઈક્રોબાયોલોજી | વનસ્પતિશાસ્ત્ર |

ફરજિયાત વિષય : અંગ્રેજી

વધારાનો વિષય : કોમ્પ્યુટર વિજ્ઞાન

**ટી.વાય.બી.એસસી.**

ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, માઈક્રોબાયોલોજી

## અનુસ્નાતક (એમ.એ.) કક્ષાના કોર્સ

( PG COURSES - M.A.)

મુખ્ય તથા ગૌણ વિષય :

ગુજરાતી / સંસ્કૃત

અર્થશાસ્ત્ર / સમાજશાસ્ત્ર

સમાજશાસ્ત્ર / અર્થશાસ્ત્ર

## સ્નાતક કક્ષાના કોર્સ : વિનયન વિદ્યા શાખા :

DEGREE COURSES - ARTS FACULTY

| ક્રમ | મુખ્ય વિષય | પ્રથમ ગૌણ વિષય | દ્વિતીય ગૌણ વિષય (પેપર-૭) |
|---|---|---|---|
| ૧) | ગુજરાતી | સમાજશાસ્ત્ર | સંસ્કૃત / માનસશાસ્ત્ર / કોમ્પ્યુટર |
| ૨) | ગુજરાતી | માનસશાસ્ત્ર | સંસ્કૃત / કોમ્પ્યુટર |
| ૩) | સમાજશાસ્ત્ર | ગુજરાતી | સંસ્કૃત / માનસશાસ્ત્ર / કોમ્પ્યુટર |
| ૪) | સમાજશાસ્ત્ર | અર્થશાસ્ત્ર | સંસ્કૃત / માનસશાસ્ત્ર / ગુજરાતી / કોમ્પ્યુટર |
| ૫) | અર્થશાસ્ત્ર | સમાજશાસ્ત્ર | સંસ્કૃત / માનસશાસ્ત્ર / ગુજરાતી / કોમ્પ્યુટર |
| ૬) | અર્થશાસ્ત્ર | માનસશાસ્ત્ર | સંસ્કૃત / ગુજરાતી / કોમ્પ્યુટર |

ટી.વાય.બી.એ. માટે મુખ્ય : ગુજરાતી / સમાજશાસ્ત્ર / અર્થશાસ્ત્ર તેમજ ફરજિયાત અંગ્રેજી

## કેરિઅર ઓરિએન્ટેડ પ્રોગ્રામ

( Career Oriented Programme) COP

યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશન (યુ.જી.સી.) તથા ગુજરાત યુનિવર્સીટી દ્વારા માન્યતા પ્રાપ્ત સર્ટીફિકેટ કોર્સ...

**સાયન્સ વિભાગ :**

૧) રેફ્રીજરેશન ૨) કોમ્પ્યુટર એપ્લિકેશન પ્રોગ્રામીંગ
૩) સીડ ટેક્નોલોજી

**આર્ટ્સ વિભાગ :**

૧) વેબ પેજ ડિઝાઈનીંગ એન્ડ પ્રિન્ટીંગ ટેક્નોલોજી
૨) ટુરીઝમ ૩) એપ્લાઈડ સોશિયોલોજી

આ કોર્સનું ધ્યેય વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી, માર્કેટ, અભિમુખ અને કુશળતાઓનો પરિચય કરાવવાનો છે કે જેથી તેઓ જોબ, સ્વરોજગાર અને આત્મનિર્ભર બની શકે.

| | | |
|---|---|---|
| કોર્ષ અવધિ | : | એક વર્ષ |
| યોગ્યતા | : | એફ.વાય, એસ.વાય., ટી.વાય. બી.એ./બી.એસસી.ના વિદ્યાર્થીઓ |
| ફી વાર્ષિક | : | સાયન્સ વિભાગ : રૂા. ૭૫૦/- આર્ટ્સ વિભાગ : રૂા. ૫૦૦/- |
| ક્રેડિટ | : | આ કોર્સ ૨૦ ક્રેડિટનો રહેશે. દરેક ક્રેડિટ માટે ૧૫ કલાકનું કાર્ય રહેશે. આમાંથી ૮ ક્રેડિટ ફિલ્ડ વર્ક / પ્રોજેક્ટની રહેશે. |

## 2007- 2008

- English Improvement Course B.A. & B.Sc.
- Ahmedabad Management Association ના સહકારથી Youth Traning Date. 27/9 to 29/9
- Form Fill up
- Courser to be conducted during Diwali Vacation.
  - Mobile Repairing
  - Beauty Parlour Courses
  - Dance of Music hooby Courses

**NCC :-**

- Thal Sena Caup (TLC)
  ત્રણ કેડેટ : વિક્રમ ભરવાડ, નિમિષા સિંઘવ, દિશા ચૌહાણ
- Trecking Caurp - Utranchal (Nenital Track) 5 h cadets
- Advance Leadership Caurp Asanol-west Bengal 3 cadets
- CATC Caup Petlad 40 Cadets TSC- I
- CATC - TSC - III Nadiad - 5 Cadets
- CATC - TSC - II Shmiliya - 5 Cadets
- CATC - TSC - IV Ahmedabad 5 Cadets

(Printed Meter)

BOOK POST

To ____________________

From :-
આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬